

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આરોપોને પ્રત્યારોપોની હેલી થઈ ગઈ છે,*
*કક્ષા લોકશાહીની સાવ છેલી થઈ ગઈ છે,*
*ભેલી ગઈ જિંદગીઓ આ ગંદુ રાજકારણ -*
*ને 'પોલીસ' સરકારની ચેલી થઈ ગઈ છે...*

### હાઈકુ

*લ્યો! ક્લીનચીટ!*
*- પણ થઈ છે મેલી -*
*કોર્ટ કઠેરે...*

*તણખો બન્યો,*
*અનામતની આગ*
*દાઝે સમાજ...*

### ચિંતન

**કબીર ગર્વ ન કીજીયે, ચામ લપટે હાડ ।**
**હયબર ઉપર છત્ર તટ, તો ભી દેવે ગાડ ॥**

કબીરજી ધન-સંપત્તિ અને યૌવન પર ગર્વ ન કરવાનું કહે છે. શરીર તો એવું હાડપિંજર છે જે ચામડાંથી મઢેલું સુંદર દેખાય છે અને ધન-સંપત્તિ પણ ક્ષણિક છે. હાથી અને ઘોડા પર છત્ર ધારણ કરી બેઠેલા સંપત્તિવાનને પણ રંકની જેમ મૃત્યુ તો આવવાનું જ છે.

બધાને સમાધિમાં પોઢી હાડકાં ગાળવાનાં જ છે. મૃત્યુથી કોઈ બચવાનું નથી. ચાહે રાય હોય કે રંક.

માટે, ઈશ્વરનું સ્મરણ રાખી જે અને જેવી લાંબી-ટૂંકી જિંદગી મળી છે તે સદા સદાચાર અને નિષ્ઠાપૂર્વક જીવી પવિત્ર જીવન જીવી જવું જોઈએ.

શરીર માત્ર ધર્મ સાધન છે એના માટે રૂપ-દેહનું અભિમાન રાખ્યા વિના જ સદાચારથી ભક્તિમય જીવન જીવવું જોઈએ.

### સુવિચાર

- આંધળો કોણ? જે પોતાના અંતઃકરણ તરફ જોતો નથી, લંગડો કોણ? જે સત્યપથનો ત્યાગ કરીને ભટકે છે - **અખંડ આનંદ**
- હે માણસ, તારી ઉત્પત્તિના સમયે જ તારી સમક્ષ ઉન્નતિની સીડી (નિસરણી) કુદરતે મૂકી દીધેલી હોય છે, ખામીઓનું સંશોધન કરી ઉત્કર્ષનું રહસ્ય સમજી શકે તે જ ઉન્નત થઈ શકે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સભ્યતામાંથી સંસ્કાર, સંમય અને સહિષ્ણુતાની બાદબાકી થઈ જાય એટલે બાકી હે તે 'બર્બરતા અથવા જંગલીપણું' - **એસ. ભટ્ટાચાર્ય**
- મનુષ્ય પોતાની અપેક્ષાઓ પર કાપ મૂકવાને બદલે અપેક્ષાઓ એ પેદા કરેલી સમસ્યાઓમાં ઘેરાયેલો રહીને જીવન, જગતને ભાંડ્યા કરે છે - **ઉમાશંકર જોષી**
- સાચી પ્રામાણિકતા સાક્ષીઓને બોલાવતી નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : વાઢિયા અને તજા ગરમીમાં પાકા કેળાનો ગર ઘસવાથી લાભ થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આપણને આપણી ભક્તિ-અધ્યાત્મિકતા પર ગમે તેટલું ગૌરવ-અભિમાન હોય પણ કામ-ક્રોધ-લોભ-મોહ ના તો આપણે ગુલામ જ છીએ કોઈ પણ 'નબળી' ક્ષણ આપણને પછાડી આ ચાર તત્ત્વો ગુલામ બનાવે છે.

રાજા દાનવીર હતો. પણ ધીમે ધીમે તેને દાનનું 'દાનવીર' નું અભિમાન થવા લાગ્યું.

રાજાના દરબારમાં એક દરવેશ આ 'દાની' ને 'સલામ' ભરવા આવ્યો. રાજાએ રોક્યો કહ્યું. દાન લીધા વિના- આમ ખાલી હાથે ન જવાય... મારો નિયમ છે.

દરવેશ કહે - પણ મારી કંઈ જરૂરિયાત નથી. મને દાન નહીં જોઈએ. વાત વણસી રાજાનો આગ્રહ-દુરાગ્રહમાં ફેરવાઈ ગ્હઠ અને જક સુધી પહોંચી ગયો. આંખ-વાણીમાં ક્રોધ આવ્યો.

દરવેશ કહે રાજા તું તો મારા ગુલામનો પણ ગુલામ છો. તારી પાસે હુ શું માગું?! રાજા નગર પડ્યો. કહ્યું તમે શું કહેવા માગો છો સ્પષ્ટ કહો!

દરવેશ કહે - ક્રોધ. મારો ગુલામ છે. અને મારા ગુલામના પણ ગુલામ છો! આવી નાની વાતમાં પણ ક્રોધ પાસે હારી ગયા ને?! રાજાએ દરવેશની ક્ષમા માગી.

# આતંકવાદ સામે પરિણામલક્ષી અભિયાન અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

છાશવારે થતા આતંકવાદી હુમલાઓને લીધે દેશની પ્રજામાં ફક્ત પાડોશી દુશ્મન દેશ તરફ જ નહીં બદલે કેન્દ્ર સરકાર સામે પણ પ્રશ્નાર્થો સરજાઈ રહ્યા છે. રોજે રોજ નવલોહિયા જવાનોની શહીદીના સમાચારો સાંભળીને હવે તો કરુણા કરતાં વિશેષ આત્મગ્લાનિ જ ઉપજે છે. દુનિયા પણ આપણી કમનસીબી પ્રત્યે નફરતભરી નજરે જોવા માંડી છે. એક તરફ વિશ્વની મહાસત્તાઓની હરોળમાં પાટલો મંડાવવાની હરીફાઈ ચાલી રહી હોય અને ઘર આંગણે સૈનિકોની લાશોના અંબાર ખડકાઈ રહ્યા હોય ત્યારે કહેવાતા વિકાસ અને પ્રગતિના અહેવાલો અર્થહીન બની જાય છે. વડાપ્રધાન અને સંરક્ષણમંત્રી આપણા વીર સૈનિકોની બહાદુરીનાં વખાણ કરે કે એમની શહીદી બદલ એમના સન્માનમાં રાષ્ટ્રીય પુરસ્કારો જાહેર કરે એથી 'ગ્રાઉન્ટ રિયાલિટી' બદલાઈ જતી નથી. કઠોર વાસ્તવ એ છે કે પાકિસ્તાન આપણા દેશને રોજે રોજ નવા ઘા કરે છે, રોજેરોજ આપણા જવાનોનો ભોગ લે છે. કાશ્મીર હવે ફક્ત પાકિસ્તાનના જ ટાર્ગેટ પર નથી આપણા જ દેશના કહેવાતા બૌદ્ધિકો અને ડાબેરી વિચારસરણી ધરાવતાં છોકરડાં કાશ્મીરની આઝાદી માટે ઝુંબેશ ચલાવતા થઈ ગયા છે. આવાં તત્ત્વો વિરુદ્ધ સામૂહિક પ્રતિકાર કરવાને બદલે રાહુલ ગાંધી અને કેજરીવાલ જેવા મોદી વિરોધી નેતાઓ સામ્યવાદીઓની સાથે ગઠબંધન રચી દેશવિરોધી પ્રવૃત્તિના હામી બની રહ્યા છે. જે કાશ્મીરની સુરક્ષા માટે સિયાચીનની હાડ ગાળી નાખતી ઠંડીમાં જવાનો ચોવીસે કલાક ખડેપગે પહેરો ભરી રહ્યા છે, બરફના પહાડો તળે દટાઈને મહામૂલી જિંદગી ગુમાવી રહ્યા છે અને છાશવારે થતા આતંકવાદી હુમલાઓને ખાળવા બહાદુરીપૂર્વક મોરચો માંડી શહીદી વહોરી રહ્યા છે તેનું જાણે દેશને કે દિલ્હીને કશું દાઝતું કે દુખતું જ ન હોય એમ બાકીનાં બધા રાજયોમાં આનંદમંગળ પ્રવર્તે છે. રોજેરોજ નેતાઓ ફૂલહાર પહેરતા ફરે છે. રોજેરોજ અવનવા ઉત્સવો અને મહોત્સવો યોજાતા રહે છે. શહીદ થયેલા કે થઈ રહેલા જવાનો પાછળ ક્યારેક તિરંગો અડધી કાઠીએ ફરકાયો હોય એવું બન્યું નથી, કાશ્મીર પર જયારે પણ હુમલો થાય છે ત્યારે પાકિસ્તાન સામે આંગળી ચીંધાય છે, એને પુરાવા સોંપાય છે, થોડી મોઘમ ભાષામાં ધાકધમકી પણ અપાય છે, પરંતુ સરવાળે મીંડું જ વળી જાય છે. સંરક્ષણ મંત્રી અને સેનાધ્યક્ષ બેઉ વાણીશૂરા છે. ક્યારેક રાજનાથસિંહ પણ બહાદુરીની ભાષા બોલી નાખે છે. કશું પરિણામ મળતું નથી. વડાપ્રધાનને એમના મિત્ર નવાઝ શરીફની શરાફત પર ભરોસો છે. હવે એ પાક વિરોધી આગ ઓકતાં ભાષણો ભરડતા નથી. જરુર પડશે ત્યારે - ચૂંટણીઓમાં મતો ઓળવી લેવા માટે એવાં ભાષણો જરુર કરશે. અત્યારે તો તેઓ 'શાંતિદૂત'ની ભૂમિકા ભજવી રહ્યા છે. શહીદો માટે આંસુ સારવાં, ગળગળા થઈ જવું, એમના પરિવારોને સાંત્વના પાઠવવી - વળતર ચૂકવવું કે પરમવીર ચક્ર જેવાં બહુમાન બઝાવી દેવા : એથી પેલા મરનારના આત્માને મોક્ષ નથી મળવાનો. મરનાર ઈચ્છતું હોય કે મારું તો જે થયું તે, પરંતુ મારા જેવી દુર્દશા બીજા જવાનોની અને એમના પરિવારની ન થાય! શું આ પરિસ્થિતિનો કોઈ જ ઉકેલ નથી? સમય આવ્યે અમેરિકાની જેમ ત્રાટકવાની 'બંદરધુડકી'નો કોઈ અર્થ ખરો? દેશની પ્રજાએ આ સવાલ મોદી અને પરિકરને પૂછવાનો સમય પાકી ગયો છે.

# સાડા ત્રણ દાયકાની સુદીર્ઘ સેવાના સંભારણાં





## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

સૌરાષ્ટ્ર રાજ્યના સચિવાલયમાં એક મહત્વની તથા દીર્ઘકાલીન અસરો ધરાવતી મીટીંગ ચાલી રહી હતી. રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે ખુદ મુખ્યમંત્રી ઢેબરભાઈ હતા. સામી બાજુ અનેક ગિરાસદારોના પ્રતિનિધિ તરીકે તેમના આગેવાન ધ્રોળ ઠાકોર સાહેબ ચન્દ્રસિંહજી બેઠા હતા. વાતાવરણમાં ગંભીરતા તથા તનાવ સ્પષ્ટ જોઈ શકાય તેવા હતા. પરંપરાગત ગિરાસદારો તથા સામી તરફ ઘરખેડ કરતાં ખેડૂતો અને ગણોતિયાના હિત આ નિર્ણય થકી નિર્ધારિત થવાના હતા. બેઠકમાં લગભગ તમામ મુદ્દે સમજૂતી સધાયા બાદ એક મહત્વના મુદ્દે વાત અટકી પડી હતી. ઠાકોર સાહેબ જો પોતાની વાત જતી કરે તો ગિરાસદારોના રોષનો ભોગ બનવું પડે. ઢેબરભાઈ આ મુદ્દા અંગે બાંધછોડ કરી શકે તેમ ન હતા. અણીના સમયે જ્યારે તમામ પ્રયાસો નિષ્ફળ ગયા ત્યારે મુત્સદી નાગર ઢેબરભાઈએ એક કલ્પનામાં પણ ન આવે તેવી સોગઠી મારી. ઢેબરભાઈએ સ્વસ્થતાથી કહ્યું : "એક બ્રાહ્મણની નાની એવી માગણી ક્ષત્રિય ઠાકોર સાહેબ પૂરી નહિ કરે ?" જવાબમાં ચન્દ્રસિંહજીનું ગરવાઈથી ભરેલું હાસ્ય સૌએ જોયું. એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે એ હાસ્યમાં "હા" હતી. આપણાં વહીવટકર્તાઓ પણ કેવા દ્રષ્ટિ સંપન્ન હશે તેમજ 'ગીજીહર્ષી' કે દ્રૈહદ્ઘ ધરાવતા હશે તેની પ્રતિતિ આ એક નાની પણ મહત્વની ઘટના પરથી સ્પષ્ટ થાય છે. આવી અનેક વાતો રૂચિપૂર્ણ રીતે "વહીવટની વાતો" માં શ્રી કુલિનચન્દ્ર યાજ્ઞિકે નોંધી છે. આ પુસ્તકનું પ્રકાશન કરીને દર્શક ઈતિહાસ નિધિએ આપણાં પર ઋણ ચઢાવેલું છે. રંગદ્વાર પ્રકાશને આ પુસ્તકના વિતરણની જવાબદારી સંભાળી છે. યાજ્ઞિક સાહેબની સાડાત્રણ દાયકાની સુદીર્ઘ સેવાઓના અનેક કડવા - મીઠા અનુભવો લેખમાળા તરીકે છપાયા હતા. આ બાબતને સુગ્રથિત કરી પુસ્તક સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. યાજ્ઞિક સાહેબે એક સાચું તથા સુંદર અવલોકન આમુખમાંજ લખેલું છે. આ પુસ્તકના લેખક લખે છે : આપણાં સમાજમાં જાહેર વહીવટના વિષયમાં ઘણો ઓછો તથા ઉપરછલ્લો રસ લેવાય છે. રાજસત્તા, ચૂંટણી, આંદોલનો તથા ફરિયાદો તથા તેને લગતો ઉહાપોહ લોકોને આકર્ષે છે.... અલ્પજીવી તથા તત્કાલિન મુદ્દાઓ લોકોને ઉત્તેજિત કરે છે પણ શાસનના હાથપગ જેવા તંત્ર વિષે ઝાઝી વિચારણા થતી નથી... પ્રસાર માધ્યમો તથા વિદ્યાપીઠો આ ક્ષેત્રમાં ઘણું કરી શકે." અંગ્રેજીમાં આ વિષય પરના લખાણોમાં ઠીક ઠીક કામ થયું છે. બી. કે. નહેરુ, રિબેરો તથા પી. સી. એલેકઝાંડર જેવા તંત્ર સાથે સંકળાયેલા લોકોએ આવા સંભારણા લખીને જાહેર વહીવટના વિષય અંગે ઈનસાઈટ પૂરી પાડી છે. ગુજરાતીમાં આવું કાર્ય ખૂબ સારી રીતે લલિતચન્દ્ર દલાલે કરેલું છે. પ્રસ્તુત પુસ્તક થકી યાજ્ઞિક સાહેબે એક સુંદર અને અર્થપૂર્ણ ઉમેરો કર્યો છે. આ માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

કુલીનચન્દ્ર યાજ્ઞિકના સેવાકાળના અનેક પ્રસંગો તથા અનુભવો વાંચતા જાહેર વહીવટમાં મુખ્યત્વે નીચે મુજબના પડકારો કે સમસ્યાઓ સામે આવે છે તેની પ્રતિતિ થાય છે.

૧. બે સમાંતર જૂથ વચ્ચેના હિતોના ટકરાવ સમયે વસ્તુનિષ્ઠ નિર્ણય કરવાની ક્ષમતા. આ પુસ્તકમાં ગિરાસદારો તથા ગણોતીયાઓ વચ્ચેના સંઘર્ષમાં આ બાબત જોઈ શકાય છે.

૨. અણધાર્યા તથા આકસ્મિક સંજોગોમાં Crisis Management ગુજરાતના વહીવટીતંત્રે આ સદીની શરૂઆતમાં આવેલા ભીષણ ભૂકંપમાં જે વ્યવસ્થાપન કર્યું તે દેશ અને દુનિયામાં વખણાયું છે. આ ઉદાહરણ નજર સામે છે. ૩. કોઈ પ્રસંગે ટોળાશાહી જોવા મળે તો તેના નિવારણ માટેની શક્તિ Crowd Management. ૪. ટીમવર્કની ભાવનાથી તમામ સહકમીઓને Motivate કરવાની શક્તિ. ૫. છેલ્લા એકાદ દાયકાથી જે બાબત વિશેષ સામે આવી છે તેવું Media Management આ પ્રશ્નની તીવ્રતા યાજ્ઞિક સાહેબના સમયમાં આટલી વ્યાપક હોય તેમ લાગતું નથી.

ઉપર જણાવેલું છે તેવી દરેક સમસ્યાના શક્ય એટલા ત્વરીત તથા વાજબી ઉકેલ માટે યાજ્ઞિક સાહેબે વર્ણવેલા અનુભવો આજની તથા ભાવી પેઢીના વહીવટકર્તાઓને માર્ગદર્શક તથા ઉપયોગી બની શકે તેવા છે.

કુલીનચન્દ્ર યાજ્ઞિક (જન્મ ૧-૯-૧૯૨૬)ને શ્રી રઘુવીર ચૌધરીએ "નિર્વ્યાજ સાહિત્ય પ્રીતિના માણસ" તરીકે ઓળખાવ્યા છે તે યથાર્થ છે. આવા અનેક ગુણોથી વિભૂષિત સાક્ષરની નડિયાદમાં સ્વસ્થ તથા કાર્યરત ઉપસ્થિતિ આપણાં માટે સામુહિક ગૌરવનો વિષય છે.

# હે પ્રભુ! આમને આમ ક્યાં સુધી જીવવાનું, અમારે ગુજરાતીનું પણ ગુજરાતી કરવાનું!



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

અંગ્રેજી માધ્યમની શાળામાં પહેલા ધોરણમાં ભણતા એક બાળકને તેની મમ્મી કૃષ્ણની વાર્તા કહેતી હતી - 'કૃષ્ણનો રંગ ડાર્ક હતો. એને બટર બહુ ભાવે, આખો દિવસ બોલથી રમ્યા કરે... એક દિવસ બોલ રિવરમાં પડ્યો...'

'૨૧ ફેબ્રુઆરી એ માતૃભાષા દિવસ કદાચ આ જ કારણે મનાવવાનો શરુ થયો હશે... ગુજરાતમાં ગુજરાતીનો મહિમા ગાવા પ્રયત્વો કરવો પડે એ વાત જ દયનીય છે. માતૃભાષા દિવસનું ચીન, જાપાન અને રશિયામાં મહત્ત્વ નથી... કારણ કે ત્યાં તો સ્થાનિક ભાષાનું પ્રચલન જ વધુ જોવા મળે છે...'

માતૃભાષામાં જે આત્મીયતા છે તે હૃદયને નવી ઉર્જા આપનારી છે.

'૧૨ દિવસ માટે એક સેમિનાર માટે રાજસ્થાન જવાનું થયું... અને દિવસો સુધી ગુજરાતી બોલવાનું કે સાંભળવાનું શક્ય ન બન્યું...ત્યારે ખરેખર લોજના રૂમમાં એકલા એકલા બબડાટ કરો હતો...!' આ શબ્દો કોઈ ગુજરાતીના નથી, પણ 'સવાઈ ગુજરાતી' નું બિરુદ પામેલા કાકા કાલેલકરના છે...

વાત બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની કે અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની નથી... પરંતુ જો ગુજરાતીનો કક્કો આવડતો નહીં હોય તો એબીસીડી માં પણ મજા ન જ આવે એ સો ટકાની વાત છે...

ગુજરાતી ભાષાને સમૃદ્ધ રાખવા અને જીવીત રાખવા માટે ધતીંગ પીઢુઓ પોતાની જે ખીચડી પકવતા હોય છે... ઈંગરેજીની લીટી નાની કરવાના બદલે ગુજરાતીની લીટી મોટી કરોને! ગુજરાતી ભાષા મરવા પડી છે, તે માટે જવાબદાર કોણ? આપણે પોતે જ જવાબદારી છીએ...

કમાવવા માટે લંડન જવાનું... પરણવા માટે તો ગુજરાતમાં જ આવવાનું આવું શાણપણ NRG ગુજરાતીમાં છે તેના પરથી જે સમજવું રહ્યું કે ગુજરાતી - વ્યક્તિમાં જે સંવેદનશીલતા, આત્મીયતાના અંકુરનું વાવેતર કરે છે, તે બીજામાં થતું નથી... બીજામાંથી તો વ્યાવસાયિક પણું જ શીખાય છે...

પરંતુ ઘણા એવા વ્યક્તિ છે, જે ગુજરાતી હોવા છતાં, ગુજરાતી ન બોલવામાં અને ન ભણવામાં પોતાની આપવડાઈ સમજે છે... બેશરમ બનવા માટે શરુઆતમાં મન કઠણ કરવું પડતું હોય છે, પછી તો શરમ જ શરમાતી રહે છે...

આનાથી વિપરીત વિદેસમાં સ્થાયી થયેલ ગુજરાતી પરિવારના લોકો પોતાના બાળકને આવનારી પેઢી કે જે સંપૂર્ણપણે વિદેશમાં જ જન્મી અને મોટી થઈ રહી છે, તેનામાં ગુજરાતી ભાષા જીવંત રહે, તે માટે જે પ્રયત્નો કરે છે, તે આપણને ગુજરાતમાં રહેનારા ગુજરાતીઓને શરમાવે તેવા છે.

નાના બાળકો માટે હિતોપદેશ અને બકોર પટેલ - ચંપક જેવા પુસ્તકો અહીંથી મંગાવે છે... રવિવારે ખાસ એક કલાક ગુજરાતી ભાષાનું વાંચન થાય તે માટે બાળકોની સામે અવનવા આકર્ષણ મૂકવામાં આવે છે... અહીંથી આપણી નવલકથાઓ ત્યાં હોંશભેર વંચાય છે.

ભાષાની ઘોર ખોદનારા બે પ્રકારના લોકો હોય છે. એક એ જે સોટા જેવા સીધા અને પરિવર્તનને જરા પણ ન ચલાવનારા અડીયલ હોય છે... (જેમ કે હજી પણ ગાંધીયન વિદ્યાપીઠની ગૂજરાતી અને ગુજરાતીમાં ફરક છે.) અમૂક જોડણી શબ્દો બીજી ભાષાના જો ગુજરાતી ભાષામાં ભળી જાય તો ખોટી કાગારોળ શું મચાવવાની! એવી જ રીતે જો બાળક ગુજરાતી માધ્યમમાં ન ભણતો હોય અને અંગ્રેજી માધ્યમમાં ભણતો હોય તો તેવી આખી પેઢીનો જ અસ્વીકાર કરીને અસ્પૃશ્ય ગણાવાના...

બીજા એવા તકસાધુઓ જે કહેવાતી રીતે ગુજરાતી ભાષાની સેવા કરે છે, અને તેનો પ્રચારપ્રસાર કરે છે, પરંતુ ખરી રીતે તો તેઓ માત્ર અને માત્ર છાપામાં કે ન્યૂઝ આઈટમમાં ચમકવા માટે જ આમ કરતા હોય છે... આવા દોગલા લોકોથી તો વધુ ચેતવા જેવું છે...

ભાષા મરવા પડી છે - તેવી કાગારોળ મચાવવાની બદલે, તેને અગ્રેસર કરવાના પ્રયત્નો કરતા રહીએ.... વાલી તરીકે આપણે શું ગુજરાતી મટી ગયા છીએ... ઘરે બારાક્ષરી ચાલુ કરીએ... વધુમાં વધુ ગુજરાતી સાહિત્ય અને સાહિત્યકારોની વાતો બાળકો સમક્ષ કરીએ... તેમને સમજાવીએ કે....

જાપાની 'બોન્સાઈ' થી આપણે ઘરનાં કુંડામાં વડલો વાવી શકીએ છીએ, પરંતુ તેની વડવાઈ પર ઝૂલી શકાતું નથી... તે જ પ્રમાણે અંગ્રેજીના મૂળીયાના ભરોસે ઝૂલી ન શકાય... ઉખડી જવાય... તે આપણા ઘરના રુમમાં શોભા માટે બોન્સાઈના રૂમમાં બરાબર છે... પણ 'ગુજરાતી' રુપી વડલાની વિશાળ છાયા અને વડવાઈની મજબૂતાઈ તેમાં નથી... એ સમજી લેવામાં જ ડહાપણ છે... 'જે જયાં તે ત્યાં.'

પરંતુ તકલીફ એ છે કે, ઊંઘતા માણસને તો ઉઠાડી શકાય છે, પણ ઊંઘવાનો ડોળ કરનારને ગમે તેટલા ગોદા મારીએ છતાં પણ ઉઠતો નથી.... આપણે બધા ગુજરાતી છોડવા પણ માગતા નથી અને નિરાંતે વળગી પણ શકતા નથી...

પરંતુ પરિસ્થિતિ એટલી બધી પણ વણસી નથી ગઈ... હકારાત્મક અભિગમ સાથે નેટ પર ગુજરાતી વેબસાઈટ, બ્લોગ વગેરેને તરતા મૂકનાર નવલોહિયા સાચા ગુજરાતીઓ હજી પાક્યા કરે છે. રીડ ગુજરાતી, અક્ષરનાદ.કોમ., ઝાઝી.કોમ. અને આ ઉપરાંત 'વિદ્યાભારતી' જેવી સંસ્થા દ્વારા શિશુ-માતૃભાષાના પાયાના સિદ્ધાંતોનું ઘડતર કરાવાય છે... આવા વિદ્યાલયો, તેમા કામ કરનારા શિક્ષકો બધા ધન્ય છે, કે સામા પ્રવાહે તરીને પણ હજી હાર માન્યા વગર માતૃભાષાને - આપણા પાયાના સંસ્કારોને સાચવવાની ભેખ ધારીને બેઠા છે.

આપણે શું આ ભડવીરોના સાથ ન આપી શકીએ! ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચેની વયના યુવાનો માતૃભાષાને સમયનાં નવા બીબામાં ઢાળીને વાચકો સુધી પહોંચાડવાનો સન્માનીય પ્રયાસ કરી રહ્યા છે...

આજની પેઢીને 'ધીંગાણું', 'પાળિયો', 'પાદર', 'હડિયાપાટી' જેવા ગુજરાતી શબ્દોને ગુજરાતીમાં સમજાવવા ભારે પડે છે... ભેખધારી બનીને કોઈ ચળવળના ભાગરુપે સતત અને અવિરત કરતા રહેવાનું આ કાર્ય છે... એક દિવસ આફરો ચડી જાય તેટલું માતૃભાષાનું ગાન કર્યા પછી બીજા ૩૬૪ દિવસ ઊંઘી નથી જવાનું...!

- jayuoza@gmail.com
Mo. 9898046488

# સંબંધોમાં હંમેશા સામેના વ્યક્તિના રાજીપાનો - આનંદનો વિચાર કરીએ છીએ ત્યારે એના મીઠા પરિણામ રુપ આપણે પણ રાજી રહીએ છીએ



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'આમંત્રણ કાર્ડમાં ગાયક કલાકાર તરીકે જેનો ઉલ્લેખ નથી એવા એક કલાકારને હવે પછીના ગીત માટે હું નિમંત્રણ આપી રહ્યો છું.' એમ થયું ત્યારે શ્રોતોઓમાંના ઘણાને થયું કે હશે કોઈ શીખાઉ ગાયક!!! કોઈને કદાચ થયું હશે કે હશે કોઈ અતિથિ કલાકાર!!!

વાત છે ગાંધીનગરમાં હમણાં જ યોજાયેલા એક સાંગીતિક કાર્યક્રમની શિવરંજની ગાંધીનગર દ્વારા આયોજિત થયો હતો એક કાર્યક્રમ 'WELCOME વસંત સૂરોં કે સંગ'

ભગવદ્ ગીતાના અધ્યાય દસના શ્લોક પાંત્રીસમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'ઋતુઓમાં વસંત હું છું. વસંત એટલે માધઉત્સવ. વસંત એટલે સૃષ્ટિની નવચેતના, વસંત એટલે વૃક્ષોને કુંપળ ફુટવાનો ઉત્સવ, વસંત એટલે ટહુકાનો સાદ અને ફાગણનો ફાગ ઉજવવાનો ઉત્સવ.'

રસીયો ફાગણ આવે ને પ્રેમીજનોના હૈયામાં ઉન્માદ જગાવે. ઉલ્લાખ લઈ આવે, સહુના તન-મન પર અબીલ-ગુલાલ ઉડાડે. રસીયો ફાગણ આવે ને ચારે તરફ રંગોનું વાતાવરણ છવાઈ જાય છે, ગરમાળો અને ગુલમહોર સોળે કળાએ ખીલી ઊઠે છે. મિત્ર કવિ રમેશ પારેખે લખેલા શબ્દોનું સ્મરણ થઈ આવે,

પલાશથી ગયો હશે ફેન્ટા
નશામાં કેટલો એ લઘરો છે,
ગુલમહોરોએ ગામ લુટ્યા છે
સર્વ છાપામાં એ જ ખબરો છે.

વસંત અને ધૂળેટીનું આવું જ ગુલાબી મનભાવન વાતાવરણ છવાઈ ગયું હતું. ટાઉનહોલ ગાંધીનગરમાં પ્રતમ ગીતથી. 'હો શુભારંભ હે શુભારંભ મંગલ બેલા આઈ...' ગીતથી આરંભાયેલી બે યુવાન હૈયાના પ્રેમની રસાળ વાર્તા ગીતો સાથે વણીને આગળ વધતી રહી. એકથી એક ચઢિયાતા યાદગાર અને થીમ આધારિત ગીતો લોકલાડીયા અને જાણીતા કલાકારો દ્વારા રજૂ થતા રહ્યા. 'WELCOME વસંતને અનુરુપ કરાયેલી આકર્ષક મંચસજ્જાને કારણે વાતાવરણ વિશેષ રંગમય બન્યું હતું. એવામાં લેખના આરંભે લખેલ ગીત રજૂ થયું... સહગાયિકા સાથે જે કલાકારો ગાયું તે બંનેની કાબેલિયતના કારણે અપ્રતિમ આવકાર વન્સમોર રુપે મળ્યો... એ ગાયક એટલે જાણીતા સંગીતકાર અને સંગીત નિયોજક પંકજ પાઠક... એના મોટાભાઈ અને પ્રસિદ્ધ ગાયક નીરજ પાઠકે ભીની આંખે, હર્ષ સાથે પંકજની સંગીતયાત્રાની વાત કરી ત્યારે શ્રોતાઓને અને સાથી કલાકારોને રામ-લખનની જોડી જેવી આ જોડી માટે અનહદ આદર થયો.

પિતા ઘનશ્યામભાઈ અને માતા જયશ્રીબેન પાઠકના આ બંને દીકરાને સંગીતનો વારસો મોસાળમાંથી મળ્યો. પંકજના નાના ડાકોર મંદિરમાં આજીવન રહ્યા અને તંબુર લઈને એમણે સમગ્ર જીવન ભજન ગાયન સાથે રણછોડજીને સમર્પિત કર્યું. આ બંનેની માતા જયશ્રીબેને ૧૯૬૫માં નવચેતન સ્કૂલમાં સંગીત શિક્ષિકા તરીકે આરંભ કર્યો, મામા પણ સંગીતમાં પીએચ.ડી. હતા. નીરજ છઠ્ઠા ધોરણમાં હતો. ત્યારે અને પંકજ ચોથા ધોરણમાં હતો ત્યારે બંનેએ શાળાની ટેલેન્ટ ઈવનીંગમાં ગાયું...માતાનું અને એ પછી સર્વશ્રી દીપેશ દેસાઈ - ખાંડેકર બ્રદર્સ - ગૌરાંસ વ્યાસ - બંકિમ પાઠકનું માર્ગદર્શન અને સહકાર મળતા રહ્યા. નીરજ ૧૯૯૨ થી ૧૯૯૬ અમેરિકા રહ્યો ત્યારે પંકજ ગાયક કલાકાર તરીકે સાતત્યપૂર્ણ રીતે ગાતો રહ્યો. નીરજ પરત આવ્યો એ જ સમયમાં એક કાર્યક્રમમાં જગદીપ મહેતા - સંજય ઓઝા જેવા કલાકારો સાથે પંકજે કી બોર્ડ પ્લે કર્યું... બસ ત્યારથી એને ગાવા કરતા બીજા ગાયકોના ગળાને સંતુલિત રીતે શ્રોતાઓ સુધી પહોંચાડવાની વાતમાં રસ પડ્યો... એ પછીથી આજ સુધી બંનેની સૂરીલી યાત્રાએ લાખ્ખો શ્રોતાઓને આનંદ આપ્યો છે. એ બંને ભાઈઓ વચ્ચેનો પ્રેમ-માતા-પિતા માટેનો એમનો આદર યાદ કરીને બેક સ્ટેજમાં મિત્રોને ભેટીને નીરજ હર્ષથી રહી પડ્યો ત્યારે કલાકારોએ પણ સૂરીલી સફર હંમેશા સચવાઈ તેવી શુભેચ્છા પાઠવી. પંકજની પત્ની જયોતિ અને નીરજની પત્ની અર્ચનાનો પણ આ સૂરીલી યાત્રામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે. એનું પણ સ્મરણ રહ્યું.

અહીં પ્રસ્તુત ઘટનામાં બે ભાઈઓનો સૂરીલો સાથ અને તેમના પરિવારની એકબીજા માટેની હુંફ સભરતાથી અભિવ્યક્તિ થઈ છે.

પરિવારમાં ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, દિયર-ભાભી, માતા-પુત્ર અને પિતા-પુત્રી જેવા અનેક સંબધો છે જે જીવવા માટેનું બળ પુરુ પાડે છે. પોતાના હૃદયની લાગણી અને અપેક્ષાઓની માગણી આ બંને વચ્ચે સુરીલું સંતુલન સર્જાય ત્યારે પારિવારિક સંબંધોમાં બારમાસી વસંતનો અનુભવ થાય છે.

સંબંધોમાં હંમેશા સામેના વ્યક્તિના રાજીપાનો - આનંદનો વિચાર કરીએ છીએ ત્યારે એના મીઠા પરિણામ રુપ આપણે પણ રાજી રહીએ છીએ.

બાળપણથી મળેલું ઘરનું વાતાવરણ - એમાથી મેળવેલા સંસ્કારો-એમાં ભળેલી પોતાની સમજદારી અને વિવેકના પરિણામે કોઈ પણ પ્રોફેશનલ ક્ષેત્રમાં વ્યક્તિ હોય ત્યાં રહીને પારિવારિક પ્રેમ અને સંબંધોના ગુલાલથી રંગાઈ શકે છે. અને એ રંગોત્સવ થકી આસપાસના વાતાવરણમાં પણ પ્રેમનો પ્રકાશ રેલાય છે ને અજવાળું પથરાય છે.

**તેજપૂંજ :**

**પ્રેમ એટલે પોતાના મનપસંદ ગીતની લ્હાણી.**